સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 39

[SEPT - 2020]
[20/09/20 to 26/09/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




## CURRENT TOPICS

- US Open ટેનિસ ટુર્નામેન્ટ 2020
- ગુજરાતનું ગૌરવ : ગુજરાતની 'રક્ષા શક્તિ યુનિવર્સિટી' હવે 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી' તરીકે ઓળખાશે
- ચીનને પરાજય આપીને ભારત યુનાઈટેડ નેશન્સની Commission on the Status of Women (CSW)નું સભ્ય બન્યું
- World Bank દ્વારા પ્રસિદ્ધ થયેલા Human Capital Index 2020માં ભારત 116મા ક્રમે
- The Epidemic Deseases (Amendement) Bill, 2020 ભારતની સંસદમાં પસાર
- શ્રી મોહનસિંહ રાઠવા શ્રેષ્ઠ વિધાયક એવોર્ડથી સન્માનિત ગુજરાતના પ્રથમ ધારાસભ્ય બન્યા


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**20 SEPTEMBER, 2020 SUNDAY**

## ➤ US Open ટેનિસ ટુર્નામેન્ટ 2020

તાજેતરમાં ઓગસ્ટ–સપ્ટેમ્બર 2020 દરમિયાન અમેરિકાના ન્યુયોર્ક ખાતે 140મી US Open ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- જેમાં ઓસ્ટ્રેલિયાના શ્રી ડોમિનિક થિયમે જર્મનીના શ્રી એલેકઝાંડર ઝવેરેવને પરાજય આપીને 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.
- આ સાથે જ શ્રી ડોમિનિક થિયમ US Open સિંગલ્સ ટાઈટલ જીતનાર ઓસ્ટ્રેલિયાના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- શ્રી ડોમિનિક થિયમનું આ પ્રથમ US Open ટાઈટલ તથા પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ હતું.
- જ્યારે 'વિમેન્સ સિંગલ્સ' સ્પર્ધામાં બેલારુસના સુશ્રી વિક્ટોરિયા અઝારેન્કાને પરાજય આપીને જાપાનના સુશ્રી નાઓમી ઓસાકાએ આ ટાઈટલ બીજી વખત જીતી લીધું છે.
- શ્રી નાઓમી ઓસાકાનું આ ત્રીજું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### US Open 2020 વિજેતા ખેલાડી

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી ડોમિનિક થિયમ (ઓસ્ટ્રેલિયા) | શ્રી એલેકઝાંડર ઝવેરેવ (જર્મની) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી નાઓમી ઓસાકા(જાપાન) | સુશ્રી વિક્ટોરિયા અઝારેન્કા (બેલારુસ) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી મેટ પેવિક (ક્રોએશિયા)<br>શ્રી બ્રુનો સોરેસ (બ્રાઝિલ) | શ્રી વેસ્લે કૂલહોફ (નેધરલેન્ડ)<br>શ્રી નિકોલા મેકટિક (ક્રોએશિયા) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી લૌરા સીગમંડ (જર્મની)<br>સુશ્રી વેરા ઝવોનારેવા (રશિયા) | સુશ્રી નિકોલ મેલિહાર (અમેરિકા)<br>સુશ્રી ઝુ યીફાન (ચીન) |

**નોંધ :** (1) US Open 2020માં **ભારત**ના શ્રી સુમિત નાગલ આ સ્પર્ધાના **બીજા રાઉન્ડ** સુધી પહોંચી ગયા હતા. આ સાથે જ **શ્રી સુમિત નાગલ** **છેલ્લા સાત વર્ષ**માં ગ્રાન્ડ સ્લેમના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરનાર **પ્રથમ ભારતીય** બની ગયા હતા. જોકે, બીજા રાઉન્ડમાં તેમનો પરાજય થયો હતો. **શ્રી સુમિત નાગલ** **હરિયાણા**ના **ઝજ્જર**માં જન્મેલા ભારતના પ્રસિદ્ધ **ટેનિસ** પ્લેયર છે.

(2) US Open 2020માં **અમેરિકા**ના પ્રસિદ્ધ મહિલા ટેનિસ ખેલાડી **સુશ્રી સેરેના વિલિયમ્સે** US Openમાં **સૌથી વધુ 102 મેચો** જીતવાનો રેકોર્ડ સર્જ્યો છે.

(3) US Open 2020ની એક મેચમાં **સર્બિયા**ના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી **શ્રી નોવાક યોકોવિચે** અજાણતાં ફટકારેલો બોલ લાઈન જજને ગળામાં વાગતાં તેમને US Open 2020માંથી **ડિસ્ક્વોલિફાય** જાહેર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં (1) **ઓસ્ટ્રેલિયન ઓપન** (2) **ફ્રેન્ચ ઓપન** (3) **વિમ્બલ્ડન** અને (4) **યુએસ ઓપન**નો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ **ચારેય** સૌથી મોટી ટુર્નામેન્ટ **ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ** તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં ઉપરોક્ત **ચાર** ટુર્નામેન્ટનો સમાવેશ થાય છે.

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લે કોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ/સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડ કોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે **વર્ષના અંતે** યોજાતી **વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ** છે.
- યુએસ ઓપન એ **હાર્ડકોર્ટ** પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.

- ફ્રેન્ચ ઓપન કલે કોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

(3) US Open 2020માં 'સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીને 30 લાખ ડોલર તથા રનર્સ અપને 15 લાખ ડોલરની રકમ ઈનામ તરીકે આપવામાં આવી હતી.

(4) જ્યારે 'ડબલ્સ' ટાઈટલ વિજેતા ટીમને 4 લાખ ડોલર તથા રનર્સ અપ ટીમને 2.40 લાખ ડોલરની રકમ ઈનામ તરીકે આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. યુએસ ઓપન 2020માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
   (A) સુશ્રી સેરેના વિલિયમ્સ (B) સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુ
   (C) સુશ્રી નાઓમી ઓસાકા (D) સુશ્રી ટિમીયા બેબોસ **(C)**

2. યુએસ ઓપન 2020માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
   (A) શ્રી રોજર ફેડરર (B) શ્રી રાફેલ નડાલ
   (C) શ્રી ડોમિનિક થિયમ (D) શ્રી જોન માર્ટિન ડેલ પોટ્રો **(C)**

3. યુએસ ઓપન 2020માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા સુશ્રી નાઓમી ઓસાકા કયા દેશના ખેલાડી છે ?
   (A) આર્જેન્ટિના (B) રશિયા (C) જાપાન (D) કેનેડા **(C)**

4. યુએસ ઓપન 2020માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ જીતનાર શ્રી ડોમિનિક થિયમ આ ટાઈટલ જીતનાર કયા દેશના પ્રથમ ટેનિસ ખેલાડી બની ગયા છે ?
   (A) સ્વિત્ઝર્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) જર્મની (D) સર્બિયા **(B)**

5. વર્ષના અંતે રમાતી ચોથી અને સૌથી અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટનું નામ શું છે ?
   (A) વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ (B) ફ્રેન્ચ ઓપન
   (C) યુએસ ઓપન (D) ઓસ્ટ્રેલિયન ઓપન **(C)**

6. યુએસ ઓપન કઈ કોર્ટ પર રમાય છે ?
   (A) ક્લે કોર્ટ (B) હાર્ડ કોર્ટ (C) ગ્રાસ કોર્ટ (D) A અને B બંને **(B)**

7. શ્રી સુમિત નાગલ ભારતના કયા રાજ્યના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી છે ?
   (A) મહારાષ્ટ્ર (B) કેરળ (C) હરિયાણા (D) હિમાચલપ્રદેશ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 21 SEPTEMBER, 2020 MONDAY

➤ દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર, (1) વિશ્વ શાંતિ દિવસ (World Peace Day)
(2) વિશ્વ અલ્ઝાઈમર દિવસ (World Alzheimer's Day)

### વિશ્વ શાંતિ દિવસ




સમગ્ર પૃથ્વી પર શાંતિ, સહિષ્ણુતા અને અહિંસાની સ્થાપના માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ શાંતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ ફેલાય તે માટે તથા યુદ્ધ અને હિંસા ન થાય તે માટે જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 1981માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- જોકે, શરૂઆતમાં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારે આ દિવસની ઉજવણી કરવામાં આવતી હતી.
- ત્યારબાદ વર્ષ 2001માં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારની જગ્યાએ દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવાનું નક્કી થયું હતું અને વર્ષ 2002થી તેનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2020ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ 'Shaping Peace Together' છે.

**નોંધ :** 'World Peace Day' ને 'International Day of Peace' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ગુજરાતનું ગૌરવ : ગુજરાતની 'રક્ષા શકિત યુનિવર્સિટી' હવે 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી' તરીકે ઓળખાશે

ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહમંત્રી **શ્રી અમિત શાહ** દ્વારા સૌપ્રથમ **23 માર્ચ 2020**ના રોજ અને ત્યારબાદ કેન્દ્ર સરકારના રાજ્ય ગૃહમંત્રી **શ્રી જી. કિશન રેડ્ડી** દ્વારા તાજેતરમાં ભારતની **લોકસભા**માં **'The Rashtriya Raksha University Bill, 2020' (રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી બીલ, 2020)** રજૂ કરવામાં આવ્યું હતું.

- આ બિલ 20 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતની **લોકસભા**માં પસાર થઈ ગયું છે.
- ત્યારબાદ 22 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતની **રાજ્યસભા** દ્વારા પણ આ બિલને મંજૂરી આપવામાં આવી હતી.
- આથી, 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી બિલ, 2020'ને ભારતની સંસદની એટલે કે **લોકસભા અને રાજ્યસભા**ની મંજૂરી મળી ગઈ છે.
- હવે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલ કાયદાનું સ્વરૂપ લેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ બિલની મહત્ત્વની જોગવાઈ

આ બિલમાં કરવામાં આવેલી મહત્ત્વની જોગવાઈ આ પ્રમાણે છે :

(1) આ બિલમાં **ગુજરાતની 'રક્ષા શકિત યુનિવર્સિટી'**ને **'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી'** તરીકે અપગ્રેડ કરવામાં આવી છે.

(2) આ બિલમાં ગુજરાતની **રક્ષા શકિત યુનિવર્સિટી**ને **'Institute of National Importance' (રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા)** તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે.

આ સાથે જ હવે ગુજરાતની **'રક્ષા શકિત યુનિવર્સિટી' (Raksha Shakti University)** હવે **'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી' (Rashtriya Raksha University - RRU)** તરીકે ઓળખાશે.

- ભારતમાં પોલીસ અને રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં કાર્ય કરતી કોઈ શૈક્ષણિક સંસ્થાને 'રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો હોય એવી સ્વતંત્ર ભારતના ઈતિહાસની આ **પ્રથમ ઘટના** છે.
- રક્ષા શકિત યુનિવર્સિટીને કેન્દ્રીય યુનિવર્સિટીનો દરજ્જો મળતા ગુજરાતમાં આ ક્ષેત્રે શિક્ષણની વ્યાપક તકો ઉપલબ્ધ થશે અને યુવાઓને રોજગારી મેળવવામાં મદદ થશે.

## રક્ષા શક્તિ યુનિવર્સિટી

ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાદ ગામ પાસે આ યુનિવર્સિટી આવેલી છે.

- ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની પ્રેરણાથી **'રક્ષા શક્તિ યુનિવર્સિટી એક્ટ, 2009'** અંતર્ગત વર્ષ 2009માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા ભારતની **પ્રથમ આંતરિક સુરક્ષા અંગેની શિક્ષણ સંસ્થા (Internal Security Institute)** છે.
- ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **22 જુલાઈ 2010**ના રોજ તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) 'રક્ષા શક્તિ યુનિવર્સિટી' અથવા તો 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી'ના વર્તમાન (21 સપ્ટેમ્બર 2020ની સ્થિતિએ) **ડિરેક્ટર શ્રી બિમલ એન. પટેલ** છે.

(2) તેનું સૂત્ર (આદર્શ વાક્ય) **'વિદ્યાર્થ પ્રવેશ, રક્ષાર્થ પ્રસ્થાન'** છે.

(3) આ યુનિવર્સિટીનું જૂનું કેમ્પસ **અમદાવાદના મેઘાણીનગર** ખાતે હતું.

## ➤ ગુજરાતનું ગૌરવ : 'ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી' (GFSC) હવે 'રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી' (NFSC) તરીકે ઓળખાશે

ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહમંત્રી **શ્રી અમિત શાહે** સૌપ્રથમ 23 માર્ચ, 2020ના રોજ ભારતની **લોકસભા**માં **'The National Forensic Sciences University Bill, 2020 (રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બિલ, 2020)** રજૂ કર્યું હતું.

- આ બિલ 20 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતની **લોકસભા**માં પસાર થઈ ગયું છે.
- લોકસભા બાદ ભારતની **રાજ્યસભા**માં પણ 22 સપ્ટેમ્બર 2020ના રોજ આ બિલને મંજૂરી આપી દેવામાં આવી છે.

## આ બિલની મહત્ત્વની જોગવાઈ

આ બિલની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) આ બિલ દ્વારા ભારતની નીચેની **બે સંસ્થાઓ**ને **'National Forensic Sciences University' (રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી)** તરીકે અપગ્રેડ કરવામાં આવશે :

(i) Gujarat Forensic Sciences University, Gandhinagar

(II) Lok Nayak Jayaprakash Narayan National Institute of Criminology and Forensic Sciences, New Delhi.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) 'National Forensic Sciences University'નું વડુંમથક ગુજરાતના ગાંધીનગર ખાતે રહેશે.

(3) આ બિલમાં આ યુનિવર્સિટીને 'Institute of National Importance' (રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા)નો દરજ્જો પણ આપવામાં આવ્યો છે.

આ સાથે જ ગુજરાતની –

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી

(Gujarat Forensic Sciences University-GFSU)

હવે રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી

(National Forensic Sciences University-NFSU)

તરીકે ઓળખાશે.



- આ યુનિવર્સિટીનું એક અન્ય કેમ્પસ નવી દિલ્હી ખાતે પણ રહેશે.
- જોકે, તેનું વડુંમથક ગુજરાતના ગાંધીનગર ખાતે હશે.
- આ યુનિવર્સિટી માટે કેન્દ્ર સરકાર 100 ટકા ગ્રાન્ટ ફાળવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU)

ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (GFSU)એ ફોરેન્સિક અને તેની સાથે સંબંધિત વિજ્ઞાન માટે સમર્પિત વિશ્વની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે.

- 30 સપ્ટેમ્બર, 2008ના રોજ ગુજરાત વિધાનસભામાં એક્ટ પસાર કરીને આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ જુલાઈ, 2009થી તેમાં વિવિધ અભ્યાસક્રમોનો પ્રારંભ થયો હતો.
- મે, 2011માં તેને UGC દ્વારા યુનિવર્સિટી તરીકેની માન્યતા મળી હતી.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનું સૂત્ર (આદર્શ વાક્ય) 'જ્ઞાન-વિજ્ઞાન વિમુક્તયે' છે.
- આ યુનિવર્સિટીના વર્તમાન (21 સપ્ટેમ્બર 2020ની સ્થિતિએ) ડાયરેક્ટર જનરલ ડૉ. જે. એમ. વ્યાસ છે.

## ICE ? Questions

1. 'વિશ્વ શાંતિ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ' તરીકે કયો દિવસ ઊજવાય છે ?
(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર **(D)**

2. વર્ષ 2020ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ શું છે ?
(A) Right to Peace of People
(B) Shaping Peace Together
(C) Climate Action for Peace
(D) Stand up of International Peace **(B)**

3. 'વિશ્વ અલ્ઝાઈમર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર **(D)**

4. ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલ અનુસાર ભારતના કયા શહેરમાં આવેલી 'રક્ષા શકિત યુનિવર્સિટી'ને રાષ્ટ્રીય કક્ષાની રક્ષા યુનિવર્સિટી તરીકે અપગ્રેડ કરવામાં આવી છે ?
(A) દિલ્હી (B) જામનગર (C) બેંગાલુરુ (D) ગાંધીનગર **(D)**

5. ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના કયા તાલુકામાં 'રક્ષા શકિત યુનિવર્સિટી' આવેલી છે ?
(A) કલોલ (B) ગાંધીનગર (C) દહેગામ (D) માણસા **(C)**

6. ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કયા ગામ પાસે 'રક્ષા શકિત યુનિવર્સિટી' આવેલી છે ?
(A) હિલોલ (B) અંતોલી (C) લવાદ (D) મિરપુર **(C)**

7. ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલ અનુસાર ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાદ પાસે આવેલી 'રક્ષા શકિત યુનિવર્સિટી' હવે કયા નામે ઓળખાશે ?
(A) રાષ્ટ્રીય રક્ષા શકિત યુનિવર્સિટી (B) સેન્ટ્રલ રક્ષા શકિત યુનિવર્સિટી
(C) ભારતીય રક્ષા શકિત યુનિવર્સિટી (D) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી **(D)**

8. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર થયેલા કયા બિલ અંતર્ગત ગુજરાતની 'રક્ષા શકિત યુનિવર્સિટી'ને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે ?
(A) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી બિલ, 2020
(B) રક્ષા શકિત યુનિવર્સિટી બિલ, 2020
(C) રાષ્ટ્રીય રક્ષા શકિત યુનિવર્સિટી બિલ, 2020
(D) નેશનલ રક્ષા શકિત યુનિવર્સિટી બિલ, 2020 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

9. ગુજરાતના ગાંધીનગર ખાતે આવેલી 'રક્ષા શકિત યુનિવર્સિટી' અથવા તો 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તે ભારતની પ્રથમ આંતરિક સુરક્ષા અંગેની શિક્ષણ સંસ્થા છે.
   2. રક્ષા શકિત યુનિવર્સિટી એકટ 2007 અંતર્ગત વર્ષ 2007માં તેની સ્થાપના થઈ હતી.
   3. સ્થાપના સમયે આ યુનિવર્સિટીનું કેમ્પસ અમદાવાદ ખાતે હતું.
   4. તેનું આદર્શ વાકય 'વિદ્યાર્થ પ્રવેશ, રક્ષાર્થ પ્રસ્થાન' છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 4 **(C)**

10. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલમાં ભારતના કયા શહેરમાં આવેલી ફોરેન્સિક સાયન્સ સંસ્થાને રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા તરીકે અપગ્રેડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે ?
   (A) ગાંધીનગર (B) જામનગર (C) નવી દિલ્હી (D) A અને C બંને **(D)**

11. ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર 'ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી' હવે કયા નામે ઓળખાશે ?
   (A) નેશનલ ફોરેન્સિક સાયન્સ ઈન્સ્ટિટયૂટ
   (B) ઈન્ડિયન ફોરેન્સિક સાયન્સ ઈન્સ્ટિટયૂટ
   (C) ઈન્ડિયન ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી
   (D) નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી **(D)**

12. ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલમાં ભારતની કઈ શિક્ષણ સંસ્થાને 'નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી' તરીકે અપગ્રેડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે ?
   1. ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
   2. રક્ષા શકિત યુનિવર્સિટી, ગાંધીનગર
   3. લોક નાયક જવાહરલાલ નહેરુ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ક્રિમિનોલોજી એન્ડ ફોરેન્સિક સાયન્સ, નવી દિલ્હી
   4. લોક નાયક જયપ્રકાશ નારાયણ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ક્રિમિનોલોજી એન્ડ ફોરેન્સિક સાયન્સ, નવી દિલ્હી

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3 (D) 1, 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**13.** ભારતમાં નવી સ્થપાનાર 'નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી'નું વડુંમથક કયાં રહેશે ?

(A) નવી દિલ્હી (B) ગાંધીનગર (C) વારાણસી (D) જામનગર **(B)**

**14.** ભારતની સંસદમાં પસાર થયેલા કયા બિલમાં 'ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી' ને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે ?

(A) ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બિલ, 2020

(B) ઈન્ડિયન ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બિલ, 2020

(C) નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બિલ, 2020

(D) ઈન્ટરનેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી બિલ, 2020 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## 22 SEPTEMBER, 2020 TUESDAY

### ➤ દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર, વિશ્વ કાર મુક્ત દિવસ (World Car Free Day)

### ➤ ગુજરાતના જામનગર ખાતે આવેલી ત્રણ આયુર્વેદ સંસ્થાઓ હવે 'Institute of Teaching and Research in Ayurveda' તરીકે ઓળખાશે

ભારતમાં કેન્દ્ર સરકારના રાજ્ય આયુષ મંત્રી **શ્રી શ્રીપદ યેશો નાઈક** દ્વારા **10 ફેબ્રુઆરી 2020**ના રોજ **'The Institute of Teaching and Research in Ayurveda Bill, 2020' (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ, 2020)** ભારતની **લોકસભા**માં રજૂ કરવામાં આવ્યું હતું.

- જેને **19 માર્ચ 2020**ના રોજ ભારતની **લોકસભા** દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ તાજેતરમાં **16 સપ્ટેમ્બર 2020**ના રોજ ભારતની **રાજ્યસભા**માં આ બિલ પસાર થઈ ગયું છે.
- આથી, આ બિલને હવે ભારતની **લોકસભા તથા રાજ્યસભા** એમ બંનેની મંજૂરી મળી ગઈ છે.
- હવે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે.

#### આ બિલની મહત્ત્વની જોગવાઈ

આ બિલની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) આ બિલમાં **ગુજરાત**ના **જામનગર** ખાતે આવેલી **ત્રણ આયુર્વેદ સંસ્થાઓ**ને મર્જ કરીને **'Insitute of Teaching and Research in Ayurveda' ('ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ')** નામની **નવી સંસ્થાની રચના** કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ત્રણ સંસ્થાઓમાં –

(i) **ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ, જામનગર (સ્થાપના : 1956)**

(ii) **શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર (સ્થાપના : 1946) અને**

(iii) **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ્સ સાયન્સિઝ, જામનગર (સ્થાપના : 1999)**

**નો સમાવેશ થાય છે.**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) ગુજરાતના જામનગર ખાતે આવેલી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી કેમ્પસમાં આ નવી સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.

(3) આ સંસ્થાને 'Institution of National Importance' (રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા') તરીકેનો દરજ્જો આપવામાં આવશે.

**નોંધ :** (1) રાષ્ટ્રપતિની મંજૂરી બાદ જામનગરની ઉપરોક્ત ત્રણ સંસ્થાઓ 'ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ' તરીકે ઓળખાશે.

(2) આ ઉપરાંત તેને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકેનો દરજ્જો પણ મળી જશે.

(3) ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષ વર્ધને રાજ્યસભામાં આ બિલ રજૂ કર્યું હતું.

## ➤ ચીનને પરાજય આપીને ભારત યુનાઈટેડ નેશન્સની Commission on the Status of Women (CSW)નું સભ્ય બન્યું

ચીનને પરાજય આપીને ભારતની યુનાઈટેડ નેશન્સની 'કમિશન ઓન ધ સ્ટેટસ ઓફ વુમન' (Commission on the Status of Women-CSW) નામની સંસ્થાના સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે.

- આ માટે થયેલા મતદાનમાં ભારત ઉપરાંત અફઘાનિસ્તાને પણ 54 મત મેળવીને જીત હાંસલ કરી હતી.
- જ્યારે ચીનને અડધા વોટ પણ ન મળતા તેને ભારતના હાથે સજ્જડ હારનો સામનો કરવો પડયો હતો.

**નોંધ :** 1995માં સ્થપાયેલી ચીનની 'બેઈજિંગ વર્લ્ડ કોન્ફરન્સ ઓફ વુમન'ની આ વર્ષે 25મી વર્ષગાંઠ છે. આ પ્રસંગે સંયુક્ત રાષ્ટ્રની મહિલાઓ સાથે સંકળાયેલી સંસ્થાના સભ્ય પદ માટે ચીનનો પરાજય ખૂબ જ નોંધપાત્ર છે.

### CSW

યુનાઈટેડ નેશન્સ Commission on the Status of Women (CSW) એ લૈંગિક સમાનતા અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતી યુનાઈટેડ નેશન્સની એક મહત્ત્વની સંસ્થા છે.

- આ સંસ્થા યુનાઈટેડ નેશન્સની ECOSOC તરીકે ઓળખાતી Economic and Social Council) (આર્થિક અને સામાજિક પરિષદ) નામની સંસ્થા અંતર્ગત કાર્ય કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત CSWનું 4 વર્ષ માટે સભ્ય બન્યું છે.
- આ અંતર્ગત ભારત 2021થી 2025 સુધી CSWનું સભ્ય રહેશે.

**નોંધ :** (1) CSWની સ્થાપના 21 જૂન 1946ના રોજ થઈ હતી.

(2) સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ શ્રી ટી. એસ. મૂર્તિએ ઉપરોક્ત માહિતી આપી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ‘વિશ્વ કાર મુકત દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 સપ્ટેમ્બર (B) 21 સપ્ટેમ્બર (C) 22 સપ્ટેમ્બર (D) 23 સપ્ટેમ્બર **(C)**

2. ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલ અનુસાર ભારતના કયા શહેરની ત્રણ સંસ્થાઓ હવે ‘ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ’ તરીકે ઓળખાશે ?
(A) નવી દિલ્હી (B) પૂણે (C) ગાંધીનગર (D) જામનગર **(D)**

3. ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલમાં ગુજરાતના જામનગર ખાતે આવેલી ત્રણ આયુર્વેદ સંસ્થાઓને મર્જ કરવાની જોગવાઈ કરવામાં આવી છે...આ ત્રણ આયુર્વેદ સંસ્થાઓમાં નીચેનામાંથી કઈ સંસ્થાનો સમાવેશ થતો નથી ?
(A) ઈન્સ્ટિટયૂટ ઓફ ડિપ્લોમા ઈન આયુર્વેદ
(B) શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય
(C) ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ્સ સાયન્સિઝ
(D) ઈન્સ્ટિટયૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ **(A)**

4. ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ગુજરાતના જામનગર ખાતે આવેલી ત્રણ આયુર્વેદ સંસ્થાઓને મર્જ કરીને નવી કઈ સંસ્થાની રચના કરવામાં આવશે ?
(A) નેશનલ આયુર્વેદ યુનિવર્સિટી
(B) નેશનલ આયુર્વેદ ટીચિંગ એન્ડ રિસર્ચ યુનિવર્સિટી
(C) ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ ઈન આયુર્વેદ
(D) ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ **(D)**

5. તાજેતરમાં સંસદમાં પસાર થયેલા એક બિલ અનુસાર ભારતના કયા શહેરમાં નવી ‘ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ’ની સ્થાપના કરવામાં આવશે ?
(A) ગાંધીનગર (B) નવી દિલ્હી (C) વારાણસી (D) જામનગર **(D)**

6. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર થયેલા કયા બિલમાં ગુજરાતના જામનગર ખાતે આવેલી ત્રણ આયુર્વેદ સંસ્થાઓને ‘રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા’ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે ?
(A) ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ બિલ, 2020
(B) ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ ઈન આયુર્વેદ બિલ, 2020
(C) ઈન્સ્ટિટયૂટ ઓફ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ, 2020
(D) ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ, 2020 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર થયેલા બિલોમાં ગુજરાતની કઈ સંસ્થાને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો નથી ?

(A) રક્ષા શકિત યુનિવર્સિટી, ગાંધીનગર

(B) ગુજરાત પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર

(C) ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

(D) જામનગરની ત્રણ આયુર્વેદ સંસ્થાઓ **(B)**

8. તાજેતરમાં ભારતે ચીનને પરાજય આપીને યુનાઈટેડ નેશન્સની કઈ સંસ્થામાં સભ્યપદ મેળવ્યું છે ?

(A) UN General Assembly

(B) UN Security Council

(C) UN Economic and Social Council

(D) UN Trusteeship Council **(C)**

9. ચીનને પરાજય આપીને ભારત યુનાઈટેડ નેશન્સની ECOSOC અથવા તો Economic and Social council નામની સંસ્થાના કયા કમિશનનું સભ્ય બન્યું છે ?

(A) કમિશન ઓન નાર્કોટિક ડ્રગ્સ (CND)

(B) કમિશન ઓન પોપ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ (CPD)

(C) કમિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટ (CSocD)

(D) કમિશન ઓન ધ સ્ટેટસ ઓફ વુમન (CSW) **(D)**

10. તાજેતરમાં ચીનને પરાજય આપીને ભારત યુનાઈટેડ નેશન્સની ECOSOCમાં 'કમિશન ઓન ધ સ્ટેટસ ઓફ વુમન' (CSW)નું કેટલા વર્ષ માટે સભ્ય બન્યું છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(C)**

11. કયા દેશને પરાજય આપીને ભારત યુનાઈટેડ નેશન્સની ECOSOCમાં CSWનું સભ્ય બન્યું છે ?

(A) પાકિસ્તાન (B) ચીન (C) તૂર્કી (D) મલેશિયા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 23 SEPTEMBER, 2020 WEDNESDAY

### ➢ દિવસ મહિમા : 23 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ (International Day of Sign Languages)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બધિર લોકો માટે સાંકેતિક ભાષાના મહત્ત્વ અંગે જાગૃતિ કેળવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 19 ડિસેમ્બર 2017ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- બધિર લોકો માટેના World Fedaration of the Deaf (WFD)ની સ્થાપના 23 સપ્ટેમ્બર 1951ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ના 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની થીમ 'Sign Languages are for Everyone' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➢ World Bank દ્વારા પ્રસિદ્ધ થયેલા Human Capital Index 2020માં ભારત 116મા ક્રમે

World Bank દ્વારા તાજેતરમાં Human Capital Index (HCI) 2020 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં 174 દેશોમાં ભારત 116મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018માં પ્રથમ વખત પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં વિશ્વના 157 દેશોમાં ભારત 115મા ક્રમે હતો.
- આ રિપોર્ટમાં વર્ષ 2018માં ભારતનો સ્કોર 0.44 હતો. જે વધીને વર્ષ 2020માં 0.49 થઈ ગયો છે.
- આ ઈન્ડેક્સમાં આરોગ્ય અને શિક્ષણ જેવા માનવ મૂડીના મહત્ત્વના ઘટકોના મૂલ્યાંકનને આધારે વિશ્વના વિવિધ દેશોને રેન્ક આપવામાં આવે છે.
- વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં સિંગાપોર પ્રથમ ક્રમે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- **<u>સિંગાપોર</u> બાદ <u>હોંગકોંગ</u> <u>બીજા</u> અને <u>જાપાન</u> <u>ત્રીજા</u> ક્રમે છે.**
- **જ્યારે <u>સેન્ટ્રલ આફ્રીકન રિપબ્લિક</u> અંતિમ <u>174મા</u> ક્રમે છે.**

**Human Capital Index 2020 Rank**

| Rank | Country |
|---|---|
| 1 | સિંગાપોર |
| 2 | હોંગકોંગ |
| 3 | જાપાન |
| 45 | ચીન |
| 71 | શ્રીલંકા |
| 109 | નેપાળ |
| 116 | ભારત |
| 121 | ભૂટાન |
| 144 | પાકિસ્તાન |
| 172 | સુદાન |
| 173 | ચાડ |
| 174 | સેન્ટ્રલ આફ્રીકન રિપબ્લિક |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ : (1) <u>World Bank</u> દ્વારા સૌપ્રથમ વખત વર્ષ <u>2018</u>માં આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.**

**(2) વર્ષ <u>2020</u>માં તેની <u>બીજી આવૃત્તિ (2nd Edition)</u> પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**



## ➤ The Epidemic Deseases (Amendment) Bill, 2020 ભારતની સંસદમાં પસાર

**The Epidemic Diseases (Amendment) Bill, 2020 (મહામારી રોગ સંશોધન બિલ, 2020)** ભારતની સંસદમાં પસાર થઈ ગયું છે.

- સૌપ્રથમ **19 સપ્ટેમ્બર 2020**ના રોજ ભારતની **રાજ્યસભા**માં આ બિલ પસાર થયું હતું.
- ત્યારબાદ **21 સપ્ટેમ્બર 2020**ના રોજ ભારતની **લોકસભા**માં આ બિલને મંજૂરી આપવામાં આવી હતી.

### આ બિલ અંતર્ગત કયા એક્ટમાં સંશોધન કરવામાં આવ્યું છે ?

આ બિલ અંતર્ગત **Epidemic Diseases Act, 1897 (મહામારી રોગ અધિનિયમ, 1897)**માં સંશોધન કરવામાં આવ્યું છે.

### આ એક્ટમાં સંશોધનનો ઉદ્દેશ

**COVID-19** અથવા તો **કોરોના મહામારી**ના વર્તમાન સંકટમાં ભારતમાં પોતાના પ્રાણ અને પરિવારની પણ પરવા કર્યા વગર જાનને જોખમે દર્દીઓને બચાવવા માટે ઝઝૂમી રહેલા **આરોગ્ય કર્મીઓ** પર હુમલા તથા હિંસાના અનેક બનાવો બન્યા હતા.

- આથી, આવા સંકટના સમયમાં મહત્ત્વની ભૂમિકા નીભાવી રહેલા આવા **'બહાદૂર આરોગ્ય કર્મી યોદ્ધાઓ'ની સુરક્ષા માટે** 'મહામારી રોગ અધિનિયમ 1897'માં સંશોધન કરવામાં આવ્યું છે.

### આ એક્ટમાં કરવામાં આવેલી નવી જોગવાઈ

આ એક્ટમાં કરવામાં આવેલી નવી જોગવાઈ અનુસાર ભારતમાં હવે દેશને મહામારીમાંથી બચાવી રહેલા આરોગ્ય કર્મીઓ પરનો હુમલો **સજાપાત્ર અને બિનજામીનપાત્ર અપરાધ** ગણાશે.

- **ઇન્સ્પેક્ટર રેન્ક**ના અધિકારી દ્વારા **30 દિવસ**માં આવા ગુનાની તપાસ કરવામાં આવશે.
- અને **1 વર્ષ**ની અંદર તેનો ચુકાદો આપવામાં આવશે.
- આવા ગુના માટે **હિંસા** ઉપરાંત **સંપત્તિના નુકસાન** બદલ પણ દંડની જોગવાઈ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દંડ અને સજાની જોગવાઈ

દેશને મહામારીમાંથી બચાવવા માટે ઝઝૂમી રહેલા આરોગ્ય કર્મી પર હિંસાના કિસ્સામાં વિવિધ કૃત્યો માટે નીચેની સજા તથા દંડની જોગવાઈ કરવામાં આવી છે :

1. હિંસાનું આવું કૃત્ય કરવા બદલ અથવા આવું કૃત્ય કરવા **કોઈને ઉશ્કેરવા** બદલ **3 મહિનાથી 5 વર્ષ સુધીની જેલ** અને **રૂ. 50,000થી 2 લાખ** સુધીનો દંડ.
2. **ગંભીર ઈજા**ના કિસ્સામાં **6 મહિનાથી 7 વર્ષ સુધીની જેલ** અને **રૂ. 1 લાખથી 5 લાખ** સુધીનો દંડ.
3. પીડિતની **સંપત્તિના નુકસાન** માટે નુકસાનની **બજાર કિંમતથી બમણી રકમ** ચૂકવવી પડશે.

## સજા અને દંડ

| ક્રમ | ગુનો | જેલની સજા | દંડ |
|---|---|---|---|
| 1 | હિંસા અથવા હિંસા માટે ઉશ્કેરણી | 3 મહિનાથી 5 વર્ષ | રૂ. 50,000થી રૂ. 2 લાખ |
| 2 | ગંભીર ઈજા પહોંચાડવી | 6 મહિનાથી 7 વર્ષ | રૂ. 1 લાખથી રૂ. 5 લાખ |
| 3 | સંપત્તિને નુકસાન | – | સંપત્તિની બજાર કિંમતથી બમણી રકમ ચૂકવવી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ નવી જોગવાઈ અનુસાર કોને સુરક્ષા મળશે

આ નવી જોગવાઈ અનુસાર આ એક્ટ અંતર્ગત નીચેના વ્યક્તિઓને સુરક્ષા આપવામાં આવશે :

1. ડોક્ટર, નર્સ, પેરામેડિકલ સ્ટાફ જેવા આરોગ્ય કર્મીઓ
2. આશાવર્કર સહિતના સામુદાયિક આરોગ્ય કર્મીઓ
3. રોગને ફેલાતો અટકાવવા માટે કામગીરી કરવા જેને સત્તા આપવામાં આવી હોય એવા તમામ વ્યક્તિ અને
4. સત્તાવાર ગેઝેટ (રાજપત્ર)માં જાહેરનામા દ્વારા રાજ્ય સરકાર દ્વારા સમાવેશ કરવામાં આવેલ અન્ય વ્યક્તિ.

## સંપત્તિમાં શેનો સમાવેશ થશે ?

આ નવી જોગવાઈ અનુસાર આ એક્ટ અંતર્ગત નીચેની સંપત્તિના નુકસાન બદલ દંડ વસૂલવામાં આવશે.

- એમ્બ્યુલન્સ સહિતના મોબાઈલ મેડિકલ યુનિટ
- દવાખાનું, હોસ્પિટલ
- ક્વોરન્ટાઈન અને આઈસોલેશન માટે નિર્ધારિત કેન્દ્ર અને
- મહામારીના સંબંધમાં આરોગ્ય કર્મીઓ સાથે જેનો સંબંધ છે એવી અન્ય તમામ સંપત્તિ

**નોંધ :** (1) ભારતમાં આ બિલ 22 એપ્રિલ 2020ના રોજ લાગુ કરવામાં આવેલા 'The Epidemic Deseases (Amendment) Ordinanceનું સ્થાન લેશે.

(2) ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન દ્વારા 14 સપ્ટેમ્બર, 2020ના રોજ સૌપ્રથમ ભારતની રાજ્યસભામાં આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર **(C)**

2. વર્લ્ડ બેન્ક દ્વારા પ્રસિદ્ધ થયેલા 'હ્યુમન કેપિટલ ઈન્ડેકસ 2020'માં વિશ્વના 174 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 112મા (B) 115મા (C) 116મા (D) 118મા **(C)**

3. વર્લ્ડ બેન્ક દ્વારા પ્રસિદ્ધ થયેલા 'હ્યુમન કેપિટલ ઈન્ડેકસ 2018'માં વિશ્વના 157 દેશોમાં ભારત કયા ક્રમે હતું ?
(A) 112મા (B) 115મા (C) 116મા (D) 118મા **(B)**

4. વર્લ્ડ બેન્કના 'હ્યુમન કેપિટલ ઈન્ડેકસ 2020'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) હોંગકોંગ (B) જાપાન (C) સ્વીડન (D) સિંગાપોર **(D)**

5. વર્લ્ડ બેન્કના 'હ્યુમન કેપિટલ ઈન્ડેકસ 2020'માં અંતિમ 174મા ક્રમે કયો દેશ છે ?
(A) નોર્થ આફ્રીકન રિપબ્લિક (B) સાઉથ આફ્રીકન રિપબ્લિક
(C) સેન્ટ્રલ આફ્રીકન રિપબ્લિક (D) ચાડ અને સુદાન **(C)**

6. ભારતની સંસદમાં તાજેતરમાં પસાર થયેલા 'ધ એપિડેમિક ડિસીઝ (અમેન્ડમેન્ટ) બિલ, 2020' અંતર્ગત ભારતમાં કયા એકટમાં સંશોધન કરવામાં આવશે ?
(A) મહામારી રોગ અધિનિયમ, 1879 (B) મહામારી રોગ અધિનિયમ, 1887
(C) Epidemic Deseases Act, 1893 (D) Epidemic Diseases Act, 1897 **(D)**

7. ભારતમાં કોની સુરક્ષા માટે 'મહામારી રોગ અધિનિયમ, 1897'માં સંશોધન કરવામાં આવ્યું છે ?
(A) સુરક્ષા કર્મીઓ (B) સરકારી કર્મચારીઓ
(C) આરોગ્ય કર્મીઓ (D) ઉપરોક્ત ત્રણેય **(C)**

8. આરોગ્ય કર્મીઓની સુરક્ષા માટે 'મહામારી રોગ અધિનિયમ, 1897'માં કરવામાં આવેલી નવી જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. હિંસા અથવા હિંસા માટે ઉશ્કેરણીના કિસ્સામાં 3 મહિનાથી 5 વર્ષની કેદ અને રૂ. 50,000થી રૂ. 1 લાખ સુધીનો દંડ
2. ગંભીર ઈજા પહોંચાડવાના કિસ્સામાં 6 મહિનાથી 7 વર્ષ સુધીની કેદ અને રૂ. 1 લાખથી રૂ. 5 લાખ સુધીનો દંડ
3. સંપત્તિના નુકસાનના કિસ્સામાં મૂળ કિંમતથી ડબલ વળતર ચૂકવવાનું રહેશે.
Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) ફક્ત-2 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. આરોગ્ય કર્મીઓની સુરક્ષા માટે 'મહામારી રોગ અધિનિયમ, 1897'માં કરવામાં આવેલી નવી જોગવાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આરોગ્ય કર્મીઓ પર હુમલો સજાપાત્ર અને જામીનપાત્ર ગુનો ગણાશે.
2. પોલીસ સબ ઈન્સ્પેક્ટર રેન્કના અધિકારી દ્વારા 30 દિવસમાં આવા ગુનાની તપાસ કરવામાં આવશે.
3. 1 વર્ષની અંદર આવા ગુનાનો ચુકાદો આપવામાં આવશે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 3, (C) 2, 3 (D) ફક્ત-3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**24 SEPTEMBER, 2020 THURSDAY**

## ➤ દિવસ મહિમા : સપ્ટેમ્બર માસનો અંતિમ ગુરૂવાર, વિશ્વ દરિયાઈ (સમુદ્ર) દિવસ (World Maritime Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **સપ્ટેમ્બર મહિનાનો અંતિમ ગુરૂવાર** **'વિશ્વ દરિયાઈ (સમુદ્રી) દિવસ'** તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત વર્ષ 2020માં 24 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ દરિયાઈ દિવસ' અથવા તો 'વિશ્વ સમુદ્રી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ 1978થી થયો હતો.
- વર્ષ 2020ના 'વિશ્વ દરિયાઈ દિવસ'ની થીમ **'Sastainable Shipping for a Sastainable Planet'** છે.

## ➤ ગુજરાત રાજ્યના નવા માહિતી કમિશનર તરીકે શ્રી અમૃત પટેલ અને ડૉ. સુભાષ સોનીના શપથ

21 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના રાજ્યપાલ **શ્રી આચાર્ય દેવવ્રતે** ગુજરાત રાજ્યના નવા **માહિતી કમિશનર (State Information Commissioner)** તરીકે –

(1) **શ્રી અમૃત પટેલ અને**
(2) **ડૉ. સુભાષ સોની**
ને શપથ અપાવ્યા છે.

- ગુજરાત રાજ્યના વર્તમાન **મુખ્ય માહિતી કમિશનર (Chief Information Commissioner)** **શ્રી દિલીપ પી. ઠાકર** છે.
- ગુજરાત રાજ્યના વર્તમાન (24 સપ્ટેમ્બર 2020ની સ્થિતિએ) **મુખ્ય માહિતી કમિશનર** તથા **અન્ય માહિતી કમિશનરો**ના નામ આ પ્રમાણે છે :

(1) શ્રી દિલીપ પી. ઠાકર (મુખ્ય માહિતી કમિશનર)
(2) શ્રી કે. એમ. અધ્વર્યુ (માહિતી કમિશનર)
(3) શ્રી રમેશ જે. કારિયા (માહિતી કમિશનર)
(4) શ્રી વિરેન્દ્ર પી. પંડયા (માહિતી કમિશનર)
(5) શ્રી અમૃત પટેલ (માહિતી કમિશનર)
(6) ડૉ. સુભાષ સોની (માહિતી કમિશનર)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વધારે વરસાદને કારણે ખેડૂતોને થયેલા નુકસાન બદલ સહાય આપવા ગુજરાત સરકાર દ્વારા રૂ. 3700 કરોડનું પેકેજ જાહેર

21 સપ્ટેમ્બર, 2020ના રોજ ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતો માટે રૂપિયા 3700 કરોડના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

- ગુજરાતમાં ખરીફ સિઝનમાં પડેલા અતિશય વરસાદને કારણે ખેડૂતોના મગફળી, કપાસ, ડાંગર, તલ, બાજરી, કઠોળ, શાકભાજી વગેરે જેવા પાકોમાં વ્યાપક નુકસાન થયું હતું.
- આથી, આ માટે સહાય આપવાના ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા રૂ. 3700 કરોડનું રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

### ગુજરાતના કેટલા ખેડૂતોને આ રાહત પેકેજનો લાભ મળશે ?

(1) ગુજરાતના 20 જિલ્લાના 123 તાલુકાના ખેડૂતોને આ સહાયનો લાભ મળશે.

(2) ગુજરાતના આશરે 27 લાખ જેટલા ખેડૂતોને 37 લાખ હેક્ટર જમીનમાં નુકસાન બદલ આ લાભ મળશે.

### આ પેકેજ અંતર્ગત ખેડૂતોને કેટલી સહાય મળશે ?

(1) ખેડૂતના કુલ પાકમાં 33 ટકા કે તેથી વધુ નુકસાનીના કિસ્સામાં વધુમાં વધુ 2 હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ રૂ. 10,000 સહાય ચૂકવવામાં આવશે.

(2) આ ઉપરાંત ઓછી જમીન ધરાવતા ખેડૂતોને પણ ઓછામાં ઓછું રૂ. 5000નું વળતર નિશ્ચિતપણે ચૂકવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ સહાયનો લાભ લેવા માટે ખેડૂતો 1 ઓક્ટોબર 2020થી નજીકના ઈ–ગ્રામ કેન્દ્રો પરથી અરજી કરી શકશે.

(2) આ અરજીનો ખર્ચ ગુજરાત સરકાર ભોગવશે.



## ➤ ગુજરાતના કચ્છમાં રૂ. 1250 કરોડના ખર્ચે નવો પ્લાન્ટ સ્થાપવા વેલસ્પન ગ્રૂપ દ્વારા MoU

23 સપ્ટેમ્બર 2020ના રોજ વેલસ્પન ગ્રૂપ દ્વારા ગુજરાતના ગાંધીનગર ખાતે ગુજરાત સરકાર સાથે MoU કરવામાં આવ્યા છે.

- વેલસ્પન ગ્રૂપ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આ MoU કરવામાં આવ્યા હતા.
- આ અંતર્ગત વેલસ્પન ગ્રૂપ ગુજરાતના કચ્છમાં રૂ. 1250 કરોડના ખર્ચે સ્ટીલ પ્લાન્ટ અને આયર્ન પાઈપ પ્રોજેક્ટની સ્થાપના કરશે.
- આ પ્રોજેક્ટથી કચ્છ વિસ્તારના આશરે 2000 જેટલા યુવાઓને રોજગારી મળશે.

**નોંધ :** MoUનું પૂરું નામ Memorandum of Understanding છે.

## ➤ ગુજરાતમાં ટેકનોલોજી ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતની I-Create અને ઈઝરાયેલ વચ્ચે MoU

23 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતની I-Create અને ઈઝરાયેલ વચ્ચે i-Createના અમદાવાદ જિલ્લાના દેવ ધોલેરા ખાતે આવેલા કેમ્પસમાં MoU થયા છે.

- ગુજરાતમાં ટેકનોલોજી ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે આ MoU કરવામાં આવ્યા છે.
- આ અંતર્ગત ગુજરાતની I-Create દ્વારા ઈઝરાયેલની ઈનોવેશન ક્ષેત્રની પ્રસિદ્ધ સંસ્થા Startup Nation Central (SNC) સાથે આ MoU કરવામાં આવ્યા છે.

### I-Create

I-Createનું પૂરું નામ International Centre for Entrepreneurship and Technology છે.

- I-Create એ ગુજરાત સરકાર હસ્તકની એક સ્વાયત્ત સંસ્થા છે.
- ભારતમાં શરૂ થતા નવા સ્ટાર્ટઅપને ઉદ્યોગ સાહસમાં રૂપાંતરિત કરવા માટે સહયોગ આપવા આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
- આ સંસ્થા ગુજરાતમાં અમદાવાદ પાસેના દેવ ધોલેરા ખાતે આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. 'વિશ્વ દરિયાઈ દિવસ' અથવા તો 'World Maritime Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 સપ્ટેમ્બર (B) સપ્ટેમ્બર મહિનાનો અંતિમ રવિવાર
(C) 24 સપ્ટેમ્બર (D) સપ્ટેમ્બર મહિનાનો અંતિમ ગુરૂવાર **(D)**

2. વર્ષ 2020માં કયા દિવસે 'વિશ્વ દરિયાઈ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 23 સપ્ટેમ્બર (B) 24 સપ્ટેમ્બર (C) 25 સપ્ટેમ્બર (D) 26 સપ્ટેમ્બર **(B)**

3. સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના નવા માહિતી કમિશનર તરીકે કોને શપથ અપાવ્યા છે ?
(A) શ્રી અમૃત પટેલ અને ડૉ. સુભાષ શાહ
(B) શ્રી અમૃત પટેલ અને ડૉ. સુભાષ શર્મા
(C) શ્રી અમૃત પટેલ અને ડૉ. સુભાષ વર્મા
(D) શ્રી અમૃત પટેલ અને ડૉ. સુભાષ સોની **(D)**

4. ગુજરાતના નવા માહિતી કમિશનર તરીકે તાજેતરમાં કોણે હોદ્દો સંભાળ્યો છે ?
1. શ્રી અમૃત પટેલ
2. ડૉ. સુભાષ સોની
Ans.(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

5. ખરીફ ઋતુ દરમિયાન ગુજરાતમાં થયેલા અતિશય વરસાદને કારણે થયેલા નુકસાન બદલ ખેડૂતો માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સપ્ટેમ્બર 2020 દરમિયાન કેટલા રૂપિપયાના રાહત પેકેજની જાહેરાત કરી છે ?
(A) 3500 કરોડ (B) 3700 કરોડ (C) 3900 કરોડ (D) 4200 કરોડ **(B)**

6. ગુજરાતના કેટલા જિલ્લાના ખેડૂતો માટે ગુજરાત સરકારે રૂ. 3700 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે ?
(A) 15 (B) 20
(C) 25 (D) તમામ જિલ્લાઓ માટે **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ગુજરાતના 20 જિલ્લાના કેટલા તાલુકાના 27 લાખ ખેડૂતો માટે ગુજરાત સરકારે રૂ. 3700 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે ?
(A) 103 (B) 113 (C) 123 (D) 133 **(C)**

8. ગુજરાત સરકારે ખેડૂતો માટે જાહેર કરેલા રૂ. 3700 કરોડના રાહત પેકેજ અંતર્ગત 33 ટકા કે તેથી વધુ નુકસાનીના કિસ્સામાં ખેડૂતોને પ્રતિ હેક્ટર કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?
(A) 5000 (B) 8000 (C) 10,000 (D) 12,000 **(C)**

9. ગુજરાત સરકારે ખેડૂતો માટે જાહેર કરેલા રૂ. 3700 કરોડના રાહત પેકેજ અંતર્ગત 33 ટકા કે તેથી વધુ નુકસાનીના કિસ્સામાં ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂપિયા 10,000ની સહાય કેટલા હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે ?
(A) બે (B) ત્રણ
(C) પાંચ (D) કોઈપણ જાતની મર્યાદા વગર આ સહાય ચૂકવાશે. **(A)**

10. ગુજરાત સરકારે ખેડૂતો માટે જાહેર કરેલા રૂ. 3700 કરોડના રાહત પેકેજ અંતર્ગત ગુજરાતમાં 20 જિલ્લાના 123 તાલુકાના નાનામાં નાના ખેડૂતોને પણ ઓછામાં ઓછી કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે ?
(A) 5000 (B) 7000 (C) 8000 (D) 10,000 **(A)**

11. વેલસ્પન ગ્રૂપ દ્વારા ગુજરાતના કયા જિલ્લામાં રૂ. 1250 કરોડના ખર્ચે નવો પ્લાન્ટ સ્થાપવા ગુજરાત સરકાર સાથે MoU કરવામાં આવ્યા છે ?
(A) અમદાવાદ (B) ભરૂચ (C) મોરબી (D) કચ્છ **(D)**

12. ગુજરાતમાં ટેકનોલોજી ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતની I-Create દ્વારા કયા દેશની સંસ્થા SNC સાથે MoU કરવામાં આવ્યા છે ?
(A) ફ્રાન્સ (B) રશિયા (C) ઈઝરાયેલ (D) અમેરિકા **(C)**

13. ગુજરાતમાં ટેકનોલોજી ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતની I-Create દ્વારા ઈઝરાયેલની કઈ સંસ્થા સાથે MoU કરવામાં આવ્યા છે ?
(A) સ્ટાર્ટઅપ નેશન સેન્ટ્રલ (SNC) (B) સ્ટાર્ટઅપ નેશનલ સેન્ટ્રલ (SNC)
(C) સ્ટાર્ટઅપ ન્યુએરા સેન્ટ્રલ (SNC) (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**25 SEPTEMBER, 2020 FRIDAY**

## ➤ ભારતમાં ખેડૂતોની સહાયતા માટે રવી પાકોના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો

ભારતમાં ખેડૂતોને તેમની કૃષિ પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે કેન્દ્ર સરકારે માર્કેટિંગ સિઝન **2020-21** માટે **6થી 7 રવી પાકો**ના **લઘુત્તમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP)**માં વધારો કર્યો છે.

- આ અંતર્ગત 21 સપ્ટેમ્બર, 2020ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી **આર્થિક બાબતો અંગેની મંત્રીમંડળીય સમિતિ (Cabinet Committee on Economic Affairs -CCEA)** દ્વારા માર્કેટિંગ સિઝન 2020-21 માટે તમામ અનિવાર્ય રવી પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવમાં વધારાને મંજૂરી આપવામાં આવી હતી.
- આ વધારો **સ્વામીનાથન પંચ**ની ભલામણોને અનુરૂપ છે.

### ટેકાના ભાવમાં સૌથી વધુ વધારો

ભારતમાં કેન્દ્ર સરકારે તમામ રવી પાકોમાંથી ટેકાના ભાવમાં સૌથી વધુ પ્રતિ ક્વિન્ટલ **300 રૂપિયા**નો વધારો **મસૂર**માં કર્યો છે.

- **મસૂર** બાદ **બીજા** ક્રમે **ચણા, રાઈ તથા સરસવ**ના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ **રૂ. 225**નો વધારો કરવામાં આવ્યો છે.
- જ્યારે **ત્રીજા** ક્રમે **કુસુમ**માં પ્રતિ ક્વિન્ટલ **રૂ. 112**નો વધારો કરવામાં આવ્યો છે.

**રવી પાકના ટેકાના ભાવમાં સૌથી વધુ વધારો**

| ક્રમ | રવી પાક | પ્રતિ ક્વિન્ટલ વધારો (રૂપિયામાં) |
|---|---|---|
| 1 | મસૂર (Lentil) | 300 |
| 2 | ચણા, રાઈ તથા સરસવ | 225 |
| 3 | કુસુમ | 112 |

### રવી પાકોના ટેકાના ભાવમાં વધારો

માર્કેટિંગ સિઝન 2020-21 માટે કેન્દ્ર સરકારે જાહેર કરેલા રવી પાકોના લઘુત્તમ ટેકાના ભાવ અને તેમાં કરવામાં આવેલો વધારો આ પ્રમાણે છે :

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | પાક | ટેકાના ભાવ (પ્રતિ ક્વિન્ટલ રૂપિયામાં) | ટેકાના ભાવમાં વધારો | ખર્ચ ઉપર વળતર (ટકામાં) |
|---|---|---|---|---|
| 1 | ઘઉં | 1975 | 50 | 106 |
| 2 | જવ | 1600 | 75 | 65 |
| 3 | ચણા | 5100 | 225 | 78 |
| 4 | મસૂર (Lentil) | 5100 | 300 | 78 |
| 5 | રાઈ અને સરસવ | 4650 | 225 | 93 |
| 6 | કુસુમ | 5327 | 112 | 50 |

**નોંધ :** (1) ઉપરોક્ત તમામ પાકોમાંથી ટેકાના ભાવ દ્વારા ખેડૂતોને તેમના ખર્ચના પ્રમાણમાં સૌથી વધુ 106 ટકા વળતર ઘઉંના પાક માટે મળશે.

(2) જ્યારે ઘઉં બાદ બીજા ક્રમે સૌથી વધુ 93 ટકા વળતર રાઈ અને સરસવના પાક માટે મળશે.

(3) ભારતમાં વર્ષ 2018-19ના બજેટમાં કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ખેડૂતોને તેમની કૃષિ નીપજની પડતરના ઓછામાં ઓછા 1.5 ગણા એટલે કે કૃષિ નીપજની પડતર ઉપરાંત ઓછામાં ઓછા 50 ટકા વધારે ભાવ લઘુત્તમ ટેકાના ભાવ દ્વારા આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રી સુરેશ અંગડીનું કોરાનાને કારણે નિધન

ભારતમાં કેન્દ્ર સરકારના રેલવે રાજ્ય મંત્રી શ્રી સુરેશ ચંદ્ર અંગડીનું 23 સપ્ટેમ્બર, 2020ના રોજ નવી દિલ્હી ખાતે કોરોનાથી 65 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 1 જૂન 1955ના રોજ કર્ણાટકના કન્વી કર્વિનકોપ્પા નામના ગામમાં થયો હતો.
- તેઓ કર્ણાટકની બેલગામ લોકસભા સીટ પરથી વર્ષ 2004થી સતત ચાર ટર્મથી ભારતીય જનતા પાર્ટીના સાંસદ હતા.
- 30 મે 2019ના રોજ તેઓ પ્રથમ વખત ભારતની કેન્દ્ર સરકારના રેલવે રાજ્ય મંત્રી બન્યા હતા.

## ➤ શ્રી મોહનસિંહ રાઠવા 'શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ'થી સન્માનિત ગુજરાતના પ્રથમ ધારાસભ્ય બન્યા

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશની સંસદમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસદ સભ્યને **'શ્રેષ્ઠ સાંસદ'** તરીકે દર વર્ષે સન્માનિત કરવામાં આવે છે.

- એ જ રીતે **ગુજરાત સરકાર** દ્વારા પણ વર્ષ **2020**થી ગુજરાતની વિધાનસભામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ધારાસભ્યને **'શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ'**થી સન્માનિત કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત કોંગ્રેસના ધારાસભ્ય **શ્રી મોહનસિંહ રાઠવા**ને વર્ષ **2019**ના **'શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ'**થી સન્માનિત કરવામાં આવ્યા છે.
- આ સાથે જ **શ્રી મોહનસિંહ રાઠવા** 'શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ' વિજેતા **ગુજરાતના પ્રથમ ધારાસભ્ય** બની ગયા છે.
- જ્યારે વર્ષ **2020**ના 'શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ' માટે ગુજરાતના શિક્ષણ અને કાયદા મંત્રી **શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા**ની પસંદગી કરવામાં આવી છે.
- આ બંને મહાનુભાવોને 24 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાત વિધાનસભામાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**ની ઉપસ્થિતિમાં આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ**

| ક્રમ | વર્ષ | વિજેતા ધારાસભ્ય |
|---|---|---|
| 1 | 2019 | શ્રી મોહનસિંહ રાઠવા |
| 2 | 2020 | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા |

**નોંધ :** (1) ગુજરાત સરકાર દ્વારા 28 ફેબ્રુઆરી 2020ના રોજ આ એવોર્ડનો પ્રારંભ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

(2) **'શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ'**ને **'શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.



ICE Questions

1. ભારતમાં કેન્દ્ર સરકારે માર્કેટિંગ સિઝન 2020-21 માટે કયા રવી પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં સૌથી વધુ વધારો કર્યો છે ?
(A) ચણા (B) રાઈ (C) મસૂર (D) કુસુમ **(C)**

2. ભારતમાં કેન્દ્ર સરકારે માર્કેટિંગ સિઝન 2020-21 માટે વિવિધ રવી પાકોમાંથી મસૂરના ટેકાના ભાવમાં સૌથી વધુ કેટલા રૂપિયાનો વધારો કર્યો છે ?
(A) 225 (B) 300 (C) 325 (D) 375 **(B)**

3. માર્કેટિંગ સિઝન 2020-21 દરમિયાન ભારતમાં લઘુત્તમ ટેકાના ભાવ દ્વારા કયા રવી પાકમાં ખર્ચના પ્રમાણમાં ખેડૂતોને સૌથી વધારે 106 ટકા વળતર મળશે ?
(A) મસૂર (B) કુસુમ (C) ચણા (D) ઘઉં **(D)**

4. માર્કેટિંગ સિઝન 2020-21 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયા ઘઉંના ટેકાના ભાવ આપવામાં આવશે ?
(A) 1900 (B) 1925 (C) 1950 (D) 1975 **(D)**

5. શ્રી સુરેશ અંગડીનું કોરોનાથી નિધન થયું છે...તેઓ કેન્દ્ર સરકારમાં કયા મંત્રી તરીકે કાર્યરત હતા ?
(A) ગૃહ રાજ્ય મંત્રી (B) રેલવે રાજ્ય મંત્રી
(C) પ્રવાસન રાજ્ય મંત્રી (D) ખાણ રાજ્ય મંત્રી **(B)**

6. ભારતમાં કેન્દ્ર સરકારના રેલવે રાજ્ય મંત્રી શ્રી સુરેશ ચંદ્ર અંગડીનું નિધન થયું છે...તેઓ ભારતના કયા રાજ્યમાંથી લોકસભાના સાંસદ હતા ?
(A) મહારાષ્ટ્ર (B) ગોવા (C) કર્ણાટક (D) રાજસ્થાન **(C)**

7. ગુજરાત સરકાર દ્વારા પ્રારંભ કરવામાં આવેલા 'શ્રેષ્ઠ વિદ્યાયક એવોર્ડ' વિજેતા ગુજરાતના પ્રથમ ધારાસભ્ય કોણ છે ?
(A) શ્રી પ્રદિપસિંહ જાડેજા (B) શ્રી કૌશિક પટેલ
(C) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (D) શ્રી મોહનસિંહ રાઠવા **(D)**

8. ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2019ના 'શ્રેષ્ઠ વિદ્યાયક એવોર્ડ'થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) શ્રી પ્રદિપસિંહ જાડેજા (B) શ્રી કૌશિક પટેલ
(C) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (D) શ્રી મોહનસિંહ રાઠવા **(D)**

9. ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2020ના 'શ્રેષ્ઠ વિદ્યાયક એવોર્ડ'થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) શ્રી પ્રદિપસિંહ જાડેજા (B) શ્રી કૌશિક પટેલ
(C) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (D) શ્રી પરેશ ધાનાણી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**26 SEPTEMBER, 2020 SATURDAY**


## ➤ દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર, પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for the Total Elimination of Nuclear Weapons)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>26 સપ્ટેમ્બર</u>ના રોજ '<u>પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ</u>'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પરમાણુ શસ્ત્રોની મહાવિનાશક અને ભયાવહ અસરથી માનવજાતિને બચાવવાનો છે.
- આથી, આ દિવસની ઉજવણી અંતર્ગત સમગ્ર વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટે જાગૃતિ કેળવવામાં આવે છે.
- સમગ્ર વિશ્વમાંથી પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટે <u>26 સપ્ટેમ્બર 2013</u>ના રોજ અમેરિકાના ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીની હાઈ લેવલની મીટિંગનું આયોજન થયું હતું.
- આથી, આ મીટિંગની સ્મૃતિમાં દર વર્ષે <u>26 સપ્ટેમ્બર</u>ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા <u>ડિસેમ્બર 2013</u> દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ મંજૂરી બાદ વર્ષ <u>2014</u>થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


Available at
amazon

## ➤ ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના' અંતર્ગતની અંતિમ ત્રણ યોજનાઓનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા શુભારંભ

**'સાત પગલાં ખેડૂત કલ્યાણના...'** ટાઈટલ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતો માટે કલ્યાણલક્ષી **7 યોજનાઓ**ની જાહેરાત કરવામાં આવી છે.

- આ સાત યોજનાઓમાં નીચેની **યોજનાઓ**નો સમાવેશ થાય છે :

  **(1) મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના**
  **(2) કિસાન પરિવહન યોજના**
  **(3) દેશી ગાયના નિભાવ માટે સહાય**
  **(4) જીવામૃત સહાય**
  **(5) ફળ-શાકભાજી વિક્રેતાને છત્રી**
  **(6) સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય**
  **(7) કાંટાળી વાડ બનાવવા સહાય**




ઉપરોક્ત સાત યોજનાઓમાંથી પ્રથમ ચાર યોજનાઓનો ગુજરાત સરકાર દ્વારા આ અગાઉ શુભારંભ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- હવે **26 સપ્ટેમ્બર 2020**ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ બાકીની **અંતિમ ત્રણ યોજનાઓ**નો વીડિયો કોન્ફરન્સ દ્વારા શુભારંભ કરાવ્યો છે.
- આ ત્રણ યોજનાઓમાં –

  **(1) ફળ-શાકભાજી વિક્રેતાને છત્રી**
  **(2) સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય અને**
  **(3) કાંટાળી વાડ બનાવવા સહાય**
  નો સમાવેશ થાય છે.

### ફળ-શાકભાજી વિક્રેતાને છત્રી

આ યોજના અંતર્ગત રોડ સાઈડ પર ખુલ્લી જગ્યામાં **ફળ, ફૂલ, શાકભાજી તથા નાશવંત કૃષિ પેદાશો** વેચનારા નાના વેચાણકારોને **વિનામૂલ્યે છત્રી** આપવામાં આવશે.

- પાત્રતા ધરાવતા વેચાણકારોને આ યોજનાનો લાભ મળશે.
- જેમાં **કુટુંબદીઠ પુખ્ત વયની 1 વ્યક્તિને** વિનામૂલ્યે છત્રી મળશે.

**નોંધ :** (1) ગુજરાતના <u>65 થી 70 હજાર</u> છૂટક વેચાણકારોને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

(2) આ યોજના માટે ગુજરાત સરકારે <u>રૂ. 10 કરોડ</u>ની નાણાકીય જોગવાઈ કરી છે.

## સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય

ગુજરાતમાં <u>સીમાંત ખેડૂતો</u> અને <u>ખેત મજૂરો</u> ઓછી મહેનતે વધુ પાક લઈ શકે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત ગુજરાતના <u>સીમાંત ખેડૂતો અને ખેત મજૂરો</u>ને સાઈન્થ, એક હાથ ઓરણી, વ્હીલ બેરો વગેરે જેવાં સાધનો ખરીદવા માટે <u>સહાય</u> આપવામાં આવશે.
- આ માટે તેમને ખેત ઓજારની કિંમતની <u>90 ટકા</u> સુધી સહાય આપવામાં આવશે.
- આ સહાય વધુમાં વધુ <u>રૂ. 10,000</u>ની મર્યાદામાં આપવામાં આવશે.

**નોંધ :** (1) લાભાર્થી સીમાંત ખેડૂતો અને ખેત મજૂરોને <u>'ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ'</u>ના <u>માન્ય એગ્રો સેન્ટર</u> ખાતેથી સહાયની રકમ બાદ કરીને આ ખેત ઓજારો અથવા તો સ્માર્ટ હેન્ડ ટૂલકીટ મળશે.

(2) આ યોજના માટે ગુજરાત સરકારે <u>રૂ. 22 કરોડ</u>ની જોગવાઈ કરી છે.

## કાંટાળી વાડ બનાવવા સહાય

ગુજરાતમાં ભૂંડ, રોઝડાં વગેરે જેવાં પ્રાણીઓથી ખેડૂતોનો ઊભો પાક બચાવવા માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરની ફરતે <u>કાંટાળી વાડ</u> બનાવવા માટે સહાય આપવામાં આવે છે.
- જેમાં ખેડૂતોને વાડ બનાવવા માટે <u>પ્રતિ રનીંગ મીટર</u> <u>રૂ. 200</u>ની સહાય આપવામાં આવશે.
- આ અગાઉ આ સહાય પ્રતિ રનીંગ મીટર <u>રૂ. 150</u> આપવામાં આવતી હતી.
- જે વધારીને હવે <u>રૂ. 200</u> કરવામાં આવી છે.
- ખેડૂતોને ઓછામાં ઓછા <u>5 હેક્ટર</u>ના <u>ક્લસ્ટર</u> માટે આ સહાય આપવામાં આવશે.

**નોંધ :** આ યોજના માટે ગુજરાત સરકાર દ્વારા <u>રૂ. 200 કરોડ</u>ની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'વોઈસ ઓફ સલમાન' તરીકે ઓળખાતા ભારતના પ્રસિદ્ધ ગાયક શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમનું કોરોનાથી નિધન

ભારતના પ્રસિદ્ધ ગાયક શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમનું 25 સપ્ટેમ્બર 2020ના રોજ ચેન્નાઈ ખાતે 74 વર્ષની વયે કોરોનાથી નિધન થયું છે.

- તેમનો જન્મ 4 જૂન 1946ના રોજ આંધ્રપ્રદેશના નેલ્લોર ખાતે થયો હતો.
- તેમનું પૂરું નામ શ્રીપતિ પંડિતરાધ્યુલા બાલાસુબ્રમણ્યમ હતું.
- તેઓ 'S.P.B.' અથવા તો 'બાલુ' તરીકે પણ ઓળખાતા હતા.
- શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમ ભારતના પ્રસિદ્ધ ગાયક, સંગીતકાર, અભિનેતા, સંગીત દિગ્દર્શક અને ફિલ્મ નિર્માતા હતા.
- તેમણે મુખ્યત્વે તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ અને હિન્દી ફિલ્મોમાં કામ કર્યું હતું.
- તેમની લગભગ 50 વર્ષ જેટલી સંગીતકાર તરીકેની કારકિર્દીમાં તેમણે તેલુગુ, તમિલ, હિન્દી વગેરે જેવી ભાષાઓના લગભગ 40,000થી વધુ ગીતો ગાયા છે.
- જે એક રેકોર્ડ છે. આ માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેમનું નામ નોંધાયેલું છે.
- તેમણે 8 ફેબ્રુઆરી 1981ના રોજ કન્નડ ભાષામાં 12 કલાકમાં સૌથી વધુ 21 ગીતો રેકોર્ડ કર્યા હતા.
- આ ઉપરાંત એક દિવસમાં તમિલ ભાષામાં સૌથી વધુ 19 અને હિન્દી ભાષામાં સૌથી વધુ 16 ગીતો પણ તેમણે રેકોર્ડ કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### કારકિર્દી

શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમની ગાયક અથવા તો પાર્શ્વ ગાયક તરીકેની કારકિર્દીનો પ્રારંભ 15 ડિસેમ્બર, 1966ના રોજ 'Sri Sri Sri Maryada Ramanna' (શ્રી શ્રી શ્રી મર્યાદા રમન્ના) નામની તેલુગુ ફિલ્મથી થયો હતો.

- તેમણે હિન્દી ફિલ્મોમાં ગાયક તરીકેની કારકિર્દીનો પ્રારંભ 1981માં પ્રસિદ્ધ થયેલી હિન્દી ફિલ્મ 'એક દૂજે કે લિયે'થી કર્યો હતો.

### પ્રસિદ્ધ ગીતો

શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમે ગાયેલા પ્રસિદ્ધ હિન્દી ફિલ્મી ગીતોમાં નીચેના ગીતોનો સમાવેશ થાય છે.

- હમ બને તુમ બને એક દૂજે કે લિયે
- દેખા હૈ પહેલી બાર સાજન કી આંખો મેં પ્યાર
- દિલ દીવાના બિન સજના કે માને ના
- બહુત પ્યાર કરતે હૈ તુમકો સનમ
- દીદી તેરા દેવર દીવાના
- જૂતે દે દો પૈસે લે લો
- વાહ વાહ રામજી જોડી કયા બનાઈ
- તુમસે મિલને કી તમન્ના હૈ
- આયા મૌસમ દોસતી કા




**નોંધ :** (1) શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમે શ્રી સલમાન ખાનની **'સાજન', 'મૈને પ્યાર કિયા', 'હમ આપકે હૈ કૌન'** વગેરે જેવી ફિલ્મોમાં અનેક લોકપ્રિય ગીતો ગાયા હતા. આથી, તેમને **'વોઈસ ઓફ સલમાન'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમે કોરોનાથી થયેલા તેમના નિધન અગાઉ **કોરોના અંગે જાગૃતિ** ફેલાવવા માટે **તમિલ ભાષામાં** એક **ગીત** પણ ગાયું હતું. જે આજે ખૂબ જ લોકપ્રિય થઈ ગયું છે.

## એવોર્ડ

શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમને ભારત સરકાર દ્વારા –

**(1) પદ્મશ્રી (2001) અને**

**(2) પદ્મ ભૂષણ (2011)**

એવોર્ડ એનાયત થયા હતા.

- આ ઉપરાંત તેમને

**(1) બેસ્ટ મેલ પ્લેબેક સિંગર તરીકે National Film Awards (6 વખત)**

**(2) આંધ્રપ્રદેશ સરકારના Nandi Award (25 વખત)**

**(3) Filmfare Award**

**(4) Filmfare Awards South (6 વખત)**

**(5) NTR National Award**

વગેરે જેવા અનેક એવોર્ડ એનાયત થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 'પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 સપ્ટેમ્બર (B) 25 સપ્ટેમ્બર (C) 26 સપ્ટેમ્બર (D) 27 સપ્ટેમ્બર **(C)**

2. ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગત ગુજરાતમાં રોડ સાઈડ પર ખુલ્લી જગ્યામાં શેનું વેચાણ કરનારા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી આપવામાં આવશે ?
(A) ફળ તથા શાકભાજી (B) ફળ, ફૂલ, શાકભાજી
(C) નાશવંત કૃષિ પેદાશો (D) ઉપરોક્ત તમામ **(D)**

3. ગુજરાત સરકારની 'ફળ–શાકભાજી વિક્રેતાને છત્રી' યોજનાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. પાત્રતા ધરાવતા વેચાણકારોને કુટુંબ દીઠ પુખ્તવયની 1 વ્યક્તિને વિનામૂલ્યે છત્રી મળશે.
2. જો તેમની પાસે છત્રી હોય તો તેમને ઉચ્ચક 1200 રૂપિયા સહાય મળશે.
3. ગુજરાતના 65 થી 70 હજાર છૂટક વેચાણકારોને આ યોજનાનો લાભ મળશે.
Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(D)**

4. ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગતની 'સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય'નો લાભ કોને મળશે ?
(A) સીમાંત ખેડૂતો (B) ખેત મજૂરો
(C) ગુજરાતના તમામ ખેડૂતો (D) A અને B બંને **(D)**

5. ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગતની 'સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય' અંતર્ગત ખેત ઓજારની કિંમતની કેટલા ટકા સુધી સહાય આપવામાં આવશે ?
(A) 50 ટકા (B) 70 ટકા (C) 80 ટકા (D) 90 ટકા **(D)**

6. ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગતની 'સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય' અંતર્ગત વધુમાં વધુ કેટલા રૂપિયાની મર્યાદામાં સહાય આપવામાં આવશે ?
(A) 5,000 (B) 10,000 (C) 15,000 (D) 20,000 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગતની 'સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય' અંતર્ગત લાભાર્થી ખેડૂતોને કઈ સંસ્થાના માન્ય એગ્રો સેન્ટર પરથી સહાય મળશે ?

(A) ગુજરાત સહકારી મંડળી
(B) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
(C) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

8. ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગત ખેડૂતોને ખેતર ફરતે 'કાંટાળી વાડ બનાવવા' માટે પ્રતિ રનિંગ મીટર કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?

(A) 100 (B) 150 (C) 200 (D) 300 **(C)**

9. ગુજરાત સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગત ખેડૂતોને ખેતર ફરતે 'કાંટાળી વાડ બનાવવા' માટે ઓછામાં ઓછા કેટલા હેક્ટરના ક્લસ્ટર માટે સહાય આપવામાં આવશે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમનું તાજેતરમાં નિધન થયું છે. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) પત્રકારત્વ (B) શિક્ષણ અને સાહિત્ય
(C) અર્થશાસ્ત્ર (D) સંગીત અને ફિલ્મ **(D)**

11. ભારતના પ્રસિદ્ધ ગાયક શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) કર્ણાટક (B) આંધ્રપ્રદેશ (C) તેલંગાણા (D) તમિલનાડુ **(B)**

12. ભારતના પ્રસિદ્ધ ગાયક શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમનું નિધન થયું છે...તેમનું પૂરું નામ શું હતું ?

(A) શ્રીપતિ પંડિતરાધ્યુલા બાલાસુબ્રમણ્યમ
(B) શ્રીપતિ પંડિતરામન બાલાસુબ્રમણ્યમ
(C) શ્રીપતિ પંડિતરામાર્જુન બાલાસુબ્રમણ્યમ
(D) શ્રીપતિ પંડિતઅધ્વર્યુ બાલાસુબ્રમણ્યમ **(A)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

13. ભારતના પ્રસિદ્ધ ગાયક શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમનું નિધન થયું છે...તેમણે ફિલ્મ ક્ષેત્રે કારકિર્દીનો પ્રારંભ કઈ ભાષાની 'શ્રી શ્રી શ્રી મર્યાદા રમન્ના' નામની ફિલ્મથી કર્યો હતો ?
(A) તેલુગુ (B) તમિલ (C) કન્નડ (D) મલયાલમ **(A)**

14. ભારતના પ્રસિદ્ધ ગાયક શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમનું નિધન થયું છે...તેમણે હિન્દી ફિલ્મ ક્ષેત્રે કઈ ફિલ્મથી કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો ?
(A) ચુપકે ચુપકે (B) એક મહલ હો સપનોં કા
(C) ગીત ગાતા ચલ (D) એક દૂજે કે લિયે **(D)**

15. શ્રી એસ. પી. બાલાસુબ્રમણ્યમને નીચેનામાંથી કયો/કયા પદ્મ પુરસ્કાર એનાયત થયા હતા ?
(A) પદ્મ શ્રી (B) પદ્મશ્રી, પદ્મ ભૂષણ
(C) પદ્મશ્રી, પદ્મ વિભૂષણ (D) પદ્મશ્રી, પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ એક સાથે 1000 BS-6 સ્ટાન્ડર્ડની બસો ખરીદનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બનશે

સુપ્રીમ કોર્ટના નિર્ણય અનુસાર ભારતમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે **1 એપ્રિલ 2020**થી **BS-6 સ્ટાન્ડર્ડ** ધરાવતા વાહનોનો ફરજિયાત ઉપયોગ શરૂ થયો છે. આ અંતર્ગત **ગુજરાત રાજ્ય**ના **ST નિગમે** **BS-6 સ્ટાન્ડર્ડ**ની **1000 બસો** ખરીદવાની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો છે. આ સાથે જ ગુજરાત રાજ્યનું ST નિગમ BS-6 સ્ટાન્ડર્ડની **એક સાથે 1000** બસો ખરીદનાર **ભારતનું પ્રથમ ST નિગમ** બનશે.

### ➤ ગુજરાતના અમદાવાદ ખાતે UPSC ટ્રેનિંગ સેન્ટર 'પ્રજ્ઞા પીઠમ'નું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ઈ-લોકાર્પણ

ગુજરાતમાં **અમદાવાદ** ખાતે નિર્માણ પામેલા **UPSC ટ્રેનિંગ સેન્ટરનું** ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ઈ–લોકાર્પણ કરાવ્યું છે. ગુજરાતના **અમદાવાદ** ખાતે **ગુજરાત યુનિવર્સિટી** અને **જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIO)** દ્વારા આ UPSC ટ્રેનિંગ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ UPSC ટ્રેનિંગ સેન્ટરને **'પ્રજ્ઞા પીઠમ'** નામ આપવામાં આવ્યું છે.

## ભારત

### ➤ જમ્મુ કાશ્મીરમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા રૂ. 1350 કરોડના પેકેજની જાહેરાત

કોરોના મહામારીને કારણે પાયમાલ થઈ ગયેલા **જમ્મુ કાશ્મીર**ના **પ્રવાસન ઉદ્યોગ**ને પ્રોત્સાહન આપવા માટે **રૂ. 1350 કરોડ**ના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ **શ્રી મનોજ સિંહા**એ આ જાહેરાત કરી હતી. આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં **પાણી અને વીજળી**ના બિલમાં પણ **1 વર્ષ** માટે **50 ટકા**ની રાહત આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતમાં ઉત્તરપ્રદેશના ગૌતમ બુદ્ધ નગરમાં ભારતની સૌથી મોટી ફિલ્મસિટી બનશે

ભારતમાં **ઉત્તરપ્રદેશ**ના **ગૌતમ બુદ્ધ નગરમાં** ભારતની **સૌથી મોટી અને સૌથી સુંદર ફિલ્મ સિટીનું** નિર્માણ કરવામાં આવશે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી **શ્રી યોગી આદિત્યનાથે** આ જાહેરાત કરી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

### ➤ ગુજરાતી મૂળના શ્રી આન્દ્રીજ પારેખને બેસ્ટ ડિરેક્ટરનો એમી એવોર્ડ એનાયત

**ગુજરાતી મૂળ**ના અમેરિકન ડિરેક્ટર – સિનેમેટોગ્રાફર **શ્રી આન્દ્રીજ પારેખ**ને બેસ્ટ ડિરેક્શન માટે **વર્ષ 2020નો એમી એવોર્ડ** એનાયત થયો છે. **એમી એવોર્ડ** એ **અમેરિકન ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીઝનો સર્વોચ્ચ એવોર્ડ** છે.




ICE Questions

- BS-6 સ્ટાન્ડર્ડની એક સાથે 1000 બસો ખરીદનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું બનશે ?
  – ગુજરાત
- સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં નિર્માણ પામેલ UPSC ટ્રેનિંગ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું ? – અમદાવાદ
- ગુજરાતના અમદાવાદ ખાતે કોના સહયોગથી નિર્માણ પામેલા UPSC ટ્રેનિંગ સેન્ટરનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકાર્પણ કરાવ્યું છે ?
  – ગુજરાત યુનિવર્સિટી અને જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIO)
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના અમદાવાદ ખાતે કયા UPSC ટ્રેનિંગ સેન્ટરનો શુભારંભ કરાવ્યો છે ? – પ્રજ્ઞા પીઠમ
- જમ્મુ કાશ્મીરમાં પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કેટલા રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે ? – રૂ. 1350 કરોડ
- કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં પાણી અને વીજળીના બિલમાં 1 વર્ષ માટે કેટલા ટકાની રાહત આપવામાં આવી છે ? – 50 ટકા
- ભારતના કયા રાજ્યમાં ભારતની સૌથી મોટી અને સૌથી સુંદર ફિલ્મ સિટીનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ
- ભારતના ઉત્તરપ્રદેશમાં કઈ જગ્યાએ ભારતની સૌથી મોટી અને સૌથી સુંદર ફિલ્મ સિટીનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – ગૌતમ બુદ્ધ નગરમાં
- ગુજરાતી મૂળના કયા અમેરિકન ડિરેક્ટરને વર્ષ 2020ના એમી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી આન્દ્રીજ પારેખ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. 'વિશ્વ વાળંદ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 16 સપ્ટેમ્બર
2. ભારતમાં કઈ બારસ 'રેંટિયા બારસ' તરીકે ઉજવાય છે ? – ભાદરવા વદ બારસ
3. ભારતમાં કોનો જન્મ દિવસ 'રેંટિયા બારસ' તરીકે ઉજવાય છે ? – મહાત્મા ગાંધીજી
4. વિક્રમ સંવત અનુસાર મહાત્મા ગાંધીજીનો જન્મ ક્યારે થયો હતો ?
   – ભાદરવા વદ બારસ, 1925
   (હિન્દુ તિથિ પ્રમાણે મહાત્મા ગાંધીજીનો જન્મ વિક્રમ સંવત 1925ના ભાદરવા વદ બારસને દિવસે થયો હતો. આથી, ભાદરવા વદ બારસ 'રેંટિયા બારસ' તરીકે ઉજવાય છે. આ અંતર્ગત વર્ષ 2020માં 14 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.)
5. 80 હજાર લાકડાના ટુકડામાંથી બનાવવામાં આવેલું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને હીરાબાનું વુડ ઈન લે આર્ટ ક્યાં પ્રદર્શિત કરવામાં આવ્યું હતું ? – સુરત
   (મૈસૂરના 25 આર્ટિસ્ટ દ્વારા 1 વર્ષની મહેનત બાદ તૈયાર થયેલું આ આર્ટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને સુરત ખાતે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.)
6. ગુજરાતના કયા પ્રસિદ્ધ સમાચાર પત્રમાં 'સ્પાર્ક', 'આરોગ્ય પ્રશ્નોત્તરી', 'આરોગ્ય ગીતા' તથા 'અંતર વરસે અનરાધાર' જેવી કોલમો લખતા જાણીતા વૈદ્ય અને કટારલેખક શ્રી વત્સલ વસાણીનું નિધન થયું છે ? – ગુજરાત સમાચાર
7. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા રાજ્યમાં રૂ. 516 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા રેલવે પુલ કોસી મહાસેતુનું ઉદ્‌ઘાટન કર્યું છે ? – બિહાર
   (આ પુલ શરૂ થવાથી નિર્મળીથી સરાયગઢ વચ્ચેનું અંતર 298 કિમીથી ઘટીને 22 કિમી થઈ ગયું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ગુજરાતમાં અગાઉ નર્મદા, નવસારી અને પોરબંદર જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવાની મંજૂરી બાદ કેન્દ્ર સરકારે તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં રૂ. 325 કરોડના ખર્ચે નવી મેડિકલ કોલેજ સ્થાપવાની મંજૂરી આપી દીધી છે ? – પંચમહાલ
(ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આ મેડિકલ કોલેજ કાર્યરત થશે. તેમાં 300 બેડની સુવિધા હશે.)

9. ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં વ્યાવસાયિક સમુદાય સાથે સંકળાયેલા તમામ લોનધારકોને 6 મહિના માટે વ્યાજમાં કેટલા ટકા છૂટ આપવામાં આવશે ? – 5 ટકા

10. ગુજરાતમાં COVID-19થી મૃત્યુ પામેલા સરકારી કર્મચારીના સંતાનો માટે શિક્ષણમાં કેટલા ટકા ફી માફ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – 50 ટકા

11. સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાત સરકારે સિટી બ્યુટિફિકેશન માટે અમદાવાદ મહાનગરપાલિકાને કેટલા તળાવ વિનામૂલ્યે સોંપ્યા છે ? – પાંચ
(આ અગાઉના 6 તળાવ મળીને માર્ચ 2020થી અત્યાર સુધીમાં કુલ 11 તળાવો અમદાવાદ મ્યુનિસિપાલિટીને સિટી બ્યુટિફિકેશન માટે વિનામૂલ્યે સોંપવામાં આવ્યા છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. તાજેતરમાં યોજાયેલી US ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમની (USISPF)ની ત્રીજી વાર્ષિક શિખર પરિષદમાં ભારતના રાજ્યોમાંથી એકમાત્ર કયા રાજ્યના મુખ્યમંત્રીને સમિટના વિશેષ પબ્લિક સેશનમાં સંબોધન માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા ? – ગુજરાત

13. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કોના દ્વારા નિર્મિત 'જનજાતિ ગુજરાત' (Janjati Gujarat) વેબસાઈટનું લોકાર્પણ કર્યું હતું ? – જનજાતિ કલ્યાણ આશ્રમ

14. ભારતના કયા સ્થળે વર્ષ 2022 સુધીમાં ભારતનો પ્રથમ વર્ટિકલલિફ્ટીંગ રેલવે બ્રિજ તૈયાર થશે ?
– રામેશ્વરમ્ (તમિલનાડુ)

15. 21 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતમાં મુંબઈની બાજુમાં આવેલા કયા શહેરમાં ત્રણ માળની બિલ્ડિંગ તૂટી પડતાં 13 લોકોના મોત થયા છે ? – ભિવંડી

16. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે મળેલી UN જનરલ એસેમ્બલીની ઉચ્ચ સ્તરીય બેઠકને વીડિયો સંદેશ દ્વારા સંબોધન કર્યું હતું ? – 75મી

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT